બાયડ પ્રાંતમાં આવતા પર્યટક સ્થળોનો વિકાસ કરવા બાયડ પ્રાંત ઓફિસર દ્વારા કલેકટરને રજૂઆત

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના બાયડ માલપુર ધનસુરા ના જાણિતા પર્યટન સ્થળો ને વિકાસ કરવા બાયડ પ્રાંત ઓફિસર દ્વારા જિલ્લા કલેકટર ને રજૂઆત કરવામાં આવી છે બાયડ તાલુકામાં આવેલું ઝાંઝરી ધોધ વાત્રક નદી ઉપર ડાભા ગામથી ત્રણ કિલોમીટર ના અંતરે આવેલું ડાભા થી ઝાંઝરી જવા માટે તો ડામર નો રોડ છે પરંતુ ઝાંઝરી થી ઝાંઝરી ધોધ જોવા માટે કાચા રસ્તે થી પર્યટકો ને જવું પડે છે આ સ્થળનો વિકાસ કરવા માટે વોકવે રસ્તામાં બેસવાની વ્યવસ્થા રોડ ધોધ ઉપર સરક્ષણ બેરીકેટ જીવન રક્ષક સરવૈયા જેવી જરૂરિયાતો છે મંદિર નજીક ચિલ્ડ્રન પ્લે પાર્ક પાર્કિંગ ની વ્યવસ્થા કરવાની જરૂરિયાત છે આ જગ્યાના રસ્તા માટે બેટરી ઓપરેટર ટેક્સી ની જરૂરિયાત છે અને પ્લાસ્ટિક બંધ કરવાની જરૂરિયાત છે.

માલપુર તાલુકામાં આવેલું ભોમાતા મંદિર વાત્રક મગોડી અને વાત્રક ડેમ નજીક આવેલું છે આ મંદિર બહુ જ સુંદર અને કુદરતી વાતાવરણ વચ્ચે આવેલું છે આ બહુ જ પૌરાણિક અને ઐતિહાસિક મંદિર હોવાના કારણે હાલ અત્યારે ત્યાં રસ્તાની વ્યવસ્થા નથી ચાલીને જવું પડે છે મંદિરે દરેક સમાજનું અને વિશેષરૂપે ઠાકોર સમાજ નું સ્થાન છે હાલ બે કિલોમીટર જવાનો રસ્તો નથી અને મગોડી થી ત્રણ કિલોમીટર રસ્તો કાચો છે ભોમાતા માતા મંદિરનો વિકાસ થઈ શકે તો ત્યાં બોટિંગ ની વ્યવસ્થા પાર્કિંગની વ્યવસ્થા કરવાની તાત્કાલિક જરૂરિયાત છે આ સિવાય પણ માલપુર તાલુકામાં અન્ય પણ જોવા લાયક ઘણા સ્થળો છે શૂરપાણેશ્વર મંદિર જે ઉભરાણ નજીક બહુ જ પ્રાચીન અને પૌરાણિક મંદિર આવેલું છે આ મંદિરનો વિકાસ આયુર્વેદિક છોડવાઓના બગીચા થી નદીના કિનારા નજીક આ મંદિરમાં લાઈટ શો પગદંડી રસ્તો અને આ સ્થળ નું સૌન્દર્ય કરવાની જરૂરિયાત છે વાત્રક ડેમ માલપુર તાલુકાના ભોમાતા ટેકરીઓ વચ્ચે વાત્રક જળાશય ખુબજ રમણીય અને સુંદર જગ્યા છે અહીયા બોટિંગ વ્યવસ્થા બગીચો પોઈન્ટ ફોટોગ્રાફી આયુર્વેદિક છોડવાના બગીચા બનાવવામાં આવે તો પ્રવાસીઓ ની અવરજવર વધુ રહેશે મગોડી વેટલેન્ડ માલપુર તાલુકાના મગોડી ગામ નજીક ટેકરીઓ વચ્ચે કુદરતી તળાવ છે આ કુદરતી તળાવ કેટલાક પક્ષીઓનો આશ્રય સ્થાન છે આજે વિકસિત કરવામાં આવે તો અહીંયા પ્રવાસીઓની સાથે વિદેશીઓનું પણ આગમન થઈ શકે છે પાણી નીકળવા માટે પ્રતિબંધ પ્લાસ્ટિક બંધ જરૂરિયાત સાથે ગામમાં જવા માટે સારો રસ્તો પાર્કિંગની વ્યવસ્થા બગીચા પક્ષી વ્યું પોઈન્ટ ફોટોગ્રાફ્સ પોઈન્ટ દૂરબીન ની વ્યવસ્થા કરવાની તાત્કાલિક જરૂરિયાત છે અરવલ્લી જિલ્લાના બાયડ ઝાંઝરી ધોધ માલપુરના મગોડીનું વેટલેન્ડ તેમજ અન્ય પાંચ જાણીતા ધાર્મિક જગ્યાની પ્રવાસનધામ તરીકે વિકસાવવામાં આવે તેવી માંગ સાથે બાયડ પ્રાંત અધિકારી શ્રી એ જિલ્લા કલેકટર ને રજૂઆત કરી છે ઉપરોક્ત સ્થળોનો વિકાસ કરાય તો પર્યટકો અને શ્રદ્ધાળુઓ નો ઘસારો વધી શકે છે બાયડ પ્રાંત અધિકારી શ્રી દ્વારા અરવલ્લી જિલ્લા કલેકટરને રજૂઆત કરતા જણાવ્યા મુજબ બાયડના ઝાંઝરી માલપુર મગોડી તેમજ અન્ય ધાર્મિક સ્થળોની પ્રવાસનધામ તરીકે વિકસાવવા જિલ્લાકક્ષાના પ્રવાસનધામ કમિટીમાં ચર્ચા કરવામાં આવી અને જાણીતા સ્થળના વિકાસ માટે યોગ્ય ગ્રાન્ટ ફાળવવામાં આવે તેમ જણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લામાં અનેક એવા જાણીતા સ્થળો વિકાસ ચમકી રહ્યા છે જેમાં બાયડ તાલુકાનું ઝાંઝરી ધોધ વૈજનાથ મહાદેવ મંદિર ધારેશ્વર મહાદેવ મંદિર તેમજ માલપુર તાલુકાના વાત્રક ડેમ વેટલેન્ડ ભોમાતા મંદિર સહિતના જાણીતા સ્થળો નો સમાવેશ થાય છે સરકાર દ્વારા ઉપરોક્ત પર્યટક સ્થળ તરીકે વિકાસ કરાય તો પ્રવાસીઓનો વધારો થઈ શકે છે ખાસ કરીને બાયડના ઝાંઝરી ધોધ નિહાળવા ગુજરાતભરમાંથી પર્યટકો ઉમટી પડે છે પરંતુ આ સ્થળે પાયાની કે પ્રાથમિક કોઈ સુવિધા ન હોવાથી લોકોને પારાવાર હાલાકીનો સામનો કરવો પડે છે તેમજ માલપુર માં આવેલું મગોડી વેટલેન્ડ અરવલ્લી માં જોવાલાયક સ્થળોમાં તળાવ આવેલું છે ચોમાસાની સિઝનમાં આ તળાવ છલોછલ થાય ત્યારે અદભુત નજારો જોવા મળી છે આ તળાવ માં વિવિધ પ્રજાતિના પક્ષીઓ આશરો લે છે પરંતુ આ સ્થળો પ્રત્યે સરકારે ઓરમાયુ વર્તન કરી કોઈ વિકાસ કરવામાં આવ્યો નથી આ ઉપરાંત અરવલ્લી માં સૌથી મોટું જળાશય વાત્રક ડેમ ની આસપાસના વિસ્તારોનો વિકાસ કરવામાં આવે તો પ્રવાસનધામ બની શકે છે તેમજ અન્ય ત્રણ ધાર્મિક સ્થળોનો વિકાસ કરવો ખૂબ જ જરૂરી બની ગયું છે.

સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીના તાલીમાર્થીઓના પાણીની નીચે અને હવામાં યોગાસન

ગાંધીનગરની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી અલગ રીતે જ કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત યુનિવર્સિટીના સ્પેશિયલ કન્ફાઈડ સ્કુબા ડાઈવીંગ કોર્સીસના તાલીમાર્થીઓએ સ્કુબા ડાઈવીંગ શુટ સાથે અન્ડર વૉટર યોગાસન મુદ્રાઓ કરી હતી. આ ઉપરાંત યુનિવર્સિટીના પેરામોટરીંગ અને વીંચ લોન્ચીંગની મૂળભૂત તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓએ હવામાં પણ યોગાસન કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્કુબા ડાઈવીંગની અંતિમ બેચ તા. ૨૬ થી ૨૯ જૂન દરમ્યાન અમદાવાદ ખાતે યોજાશે. જેમાં અત્યાર સુધીમાં વિવિધ યુનિવર્સિટીના ૭૦થી વધુ તાલીમાર્થીઓ બેઝીક તાલીમ મેળવી ચુક્યાં છે. આ તાલીમાર્થીઓમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અનેક સ્વિમીંગ ઈન્ટ્રક્ટર્સ પણ સામેલ છે તેવુ અખબારી યાદીમાં જણાવાયું છે.

ચૂંટણી અધ્યક્ષ નિમણુંક ખોટી રીતે કરાતા

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીનું જાહેરનામું અંતે રદ

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થતાની સાથે શિક્ષકોના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો ૭ મી જુલાઈએ યોજાનારી ચૂંટણીમાં ચૂંટણી અધ્યક્ષની નિમણુંક અંગે વિવાદ ઉઠ્યા હતા માધુપુર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક આશાબેન.એસ.પ્રજાપતિ અને જે.એ.પ્રજાપતિએ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.એ.કે.મોઢ પટેલ ને લેખિત રજુઆત કરતાં ભારે ચણભણાટ શરુ થયો હતો.

લેખિત અરજીમાં ચૂંટણી અધ્યક્ષ તરીકે ગત. તા.૩૧ મેં ના રોજ મહેશભાઈ ઉપાધ્યાય ની નિમણુંક કરવામાં આવી હતી આગામી ચૂંટણીમાં પોતાના ઉમેદવારોને જીતાડવાના આશયથી બંધારણના નિયમો વિરુદ્ધ ચૂંટણી અધ્યક્ષની નિમણુંક કરાઈ હોવાની અને નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે જ ચૂંટણી યોજવી એ બાળકોના શૈક્ષણિક હિતમાં યોગ્ય ન હોવાનું અને પ્રચારના ધમધમાટ વચ્ચે બાળકોના શિક્ષણને માંથી અસર પડશે સહિતનો ઉલ્લેખ કરાયો હતો.

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.એ.કે.મોઢ પટેલે લેખિત રજૂઆતોને ધ્યાને લઈ શિક્ષક સંઘના બંધારણની જોગવાઈઓ ચકાસી ચૂંટણીનું જાહેરનામું રદ કરતો આદેશ કરી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે બંધારણની કલમ-(૧૨) અને ૧૫ (૨) (૩) મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે તેવી તાકીદ કરી હતી પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી રદ થતા જીલ્લાના પ્રાથિમક શિક્ષકોના નેતાગણ અને શિક્ષકોમાં કહી ખુશી કહી ગમ નો માહોલ સર્જાયો હતો.

બનાસ બેંકના ચેરમેન પદે એમ. એલ. ચૌધરી, વાઈસ ચેરમેન જીગરભાઈ બી. દેસાઈની બિનહરીફ વરણી

પાલનપુર, તા. ૨૩

પ્રાંત ઓફીસ પાલનપુર ખાતે આજે યોજાયેલ બનાસ બેંકના ચેરમેન/વાઈસ ચેરમેનની ચૂંટણીમાં ચેરમેન તરીકે ખ્યાતનામ એડવોકેટ

એમ.એલ. ચૌધરી અને વાઈસ ચેરમેન તરીકે જીગરભાઈ દેસાઈ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

લોકસભા ચૂંટણીની આચારસંહિતા સમાપ્ત થતા જિલ્લાની અગ્રણી સહકારી સંસ્થા બનાસ બેંકના ચેરમેન/વાઈસ ચેરમેનની પ્રથમ ટર્મની મુદત પુરી થયેલ હોઈ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી પાલનપુર એ.ડી. જોષીની અધ્યક્ષતામાં સંચાલક મંડળની બેઠક મળી હતી. તેમણે ચેરમેન તરીકે એમ.એલ. ચૌધરી અને વાઈસ ચેરમેન તરીકે જીગરભાઈ દેસાઈને બિનહરીફ ચૂંટાયેલ જાહેર કર્યા હતા અને બિનરીફ વરણી પામેલ બન્ને મહાનુભાવોને અભિનંદન પાઠવ્યા હતા. પ્રથમ અઢી વર્ષ પુર્ણ થતાં યોજાયેલ ચૂંટણીમાં ચૂંટાયેલ હોદ્દેદારોની મુદત બાકી રહેલ અઢી વર્ષની રહેશે.

એમ.એલ. ચૌધરીએ બનાસબેંકના ચેરમેન તરીકે કાર્યકાળ સંભાળ્યા બાદ બેંકની ડીપોઝીટમાં ૩૩૨ કરોડનો વધારો થતા ૧૭૮૬ કરોડ થયેલ છે. નફો ૮.૫૦ કરોડથી વધી ૯.૨૧ કરોડ, બેંકના ધિરાણો ૯૮૫ કરોડથી વધીને ૧૨૧૩ કરોડ, બેંકનો સીઆરએઆર ૧૧.૫૫ થી વધીને ૧૨.૫૫ અને બેંકનું ઈન્વેસ્ટમેન્ટ ૮૦૧ કરોડથી વધીને ૯૪૫ કરોડ પહોંચેલ છે. તેમજ બનાસબેંકની ઓનલાઈન સેવાઓ જેવી કે મોબાઈલ બેંકિંગ, આઈ.એમ.પી.એસ., મીસકોલ એલર્ટ, માઈક્રો એ.ટી.એમ., રૂપે કિસાન ક્રેડીટ કાર્ડ શરૂ કરીને જિલ્લાભરમાં ગ્રાહકોને ઝડપી સેવાઓ આપી શકે છે.

પ્રથમ અઢી વર્ષ સુધી બનાસ બેંકના ચેરમેન તરીકે એમ.એલ. ચૌધરીની યશસ્વી કામગીરી અને બેંકની પ્રગતિ બદલ સંચાલક મંડળના તમામ સભ્યોએ તેમની ઉમેદવારીને ટેકા આપ્યો હતો. સંચાલક મંડળના તમામ સભ્યો અને સહકારી અગ્રણીઓએ બિનહરીફ વરણી પામેલ ચેરમેનઅને વાઈસ ચેરમેનને અભિનંદન પાઠવ્યા હતા.

દવાખાને સારવાર અર્થે રોકાવવાનું બાયડના દંપતીને ભારે પડ્યું

બંધ મકાનમાં લૂંટારુ ત્રાટકી ૧૦ લાખના મુદ્દામાલની લૂંટ

અરવલ્લી જીલ્લામાં ચોર,લૂંટારુ ગેંગ ખાખી વર્દીને ચેલેન્જ આપી રહી છે ચોરી અને લૂંટની ઘટનાઓ થોભવાનું નામ લેતી નથી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બંધ મકાનને નિશાન બનાવતી ઘરફોડિયા ગેંગ થી ભયનો માહોલ પેદા થયો છે બાયડની શિવમ પાર્ક સોસાયટીમાં રહેતું શાહ દંપતી સારવાર કરાવવા વાત્રક હોસ્પિટલમાં જતા બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી તિજોરીમાં રાખેલા રોકડા ૭ લાખ રૂપિયા સહીત સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧૦ લાખ થી વધુની લૂંટ ચલાવતા દવાખાને પરત ફરેલ દંપતી પર આભ તૂટી પડ્યું હતું બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શનિવારે બપોરે,બાયડની શિવમ પાર્ક સોસાયટીમાં બ્રિજેશ કુમાર કનુભાઈ શાહને પથરીનો દુખાવો ઉપડતા તેમની પત્ની પાયલ બેન સાથે વાત્રક જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ગયા હતા વાત્રક હોપિટલ નજીક રહેતા તેમના ભાઈના ઘરે રાત્રે વધુ પથરીનો દુખાવો થાય તો તાત્કાલિક તબીબી સારવાર મળી રહે તે માટે રોકાયા હતા. બાયડ શિવમપાર્ક સોસાયટીમાં આવેલા તેમના બંધ મકાનમાં ચોર-લૂંટારુ ગેંગ ત્રાટકી દરવાજાનું તાળું તોડી ઘરમાં રહેલી તિજોરીનું લોક તોડી તિજોરીમાં રાખેલા ૭ લાખ રૂપિયા રોકડા અને ૩ લાખથી વધુના સોના-ચાંદીના દાગીના લૂંટી રફુચક્કર થઈ ગયા હતા સારવાર કરી ઘરે પરત ફરેલા દંપતીએ ઘરના દરવાજાનું અને તિજોરીનું તાળું તૂટેલું જોતા ફાળ પડી હતી તિજોરીમાં રહેલ રોકડા રકમ અને સોના-ચાંદીના દાગીના ગાયબ જણાતા માથે આભ તૂટી પડ્યું હતું. આ અંગે બાયડ પોલીસને જાણ કરાતા પોલીસ તાબડતોડ પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી પાયલબેનની ફરિયાદના આધારે અજાણ્યા શખ્શો સામે લૂંટનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

આંતરડા અને રોગ પ્રતિરોધકતાની બહેતરી માટે રોજની આદત પ્રોબાયોટિક ફર્મેન્ટેડ મિલ્ક ડ્રિંક યાકુલ્ટ

યાકુલ્ટ ડેનોન ઈન્ડિયા પ્રા.લિ.એ દુનિયાભરમાં આરોગ્ય અને ખુશી સુધારવાની તેની મુખ્ય ફિલોસોફીની રેખામાં વૈશ્વિક ખ્યાતિપ્રાપ્ત પ્રોબાયોટિક ફર્મેન્ટેડ મિલ્ક ડ્રિંક યાકુલ્ટના આરોગ્યના લાભો પર અમદાવાદમાં માહિતીસભર અને વિચારપ્રેરક સત્રનું આયોજન કર્યુ હતુ. યાકુલ્ટ ૮૦ વર્ષથી વધુનો વારસો ધરાવે છે અને ૩૯ દેશ અને પ્રદેશોમાં ૪૦ મિલિયનથી વધુ લોકો તેના આરોગ્યના લાભોને જોતાં તેનું સેવન કરે છે.

યાકુલ્ટના લાભો વિશે બોલતાં યાકુલ્ટ ડેનોન ઈન્ડિયા પ્રા.લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર મિનોરૂ શિમાદાએ જણાવ્યું હતું કે યાકુલ્ટમાં ભારત જેવા દેશમાં મોટી ચિંતા બની છે તે ખાસ કરીને આંતરડાંના આરોગ્ય સાથે લોકોનું આરોગ્ય સુધારવા માટે વચનબદ્ધ છીએ.

આરોગ્યવર્ધક આંતરડાં એટલે દીર્ઘાયુષ્ય અને રોગને ઉગતો ડામવો સારો એ સિદ્ધાંતને આધારે યાકુલ્ટમાં ૬.૫ અબજ યાકુલ્ટના અજોડ પ્રોબાયોટિક જીવાણુ નામે લેક્ટોબેસિલસ કેસે સ્ટ્રેન શિરોટા (એલસીએસ) છે, જે પાચન સુધારવામાં મદદ કરે છે અને રોગ પ્રતિરોધકતા નિર્માણ કરવામાં મદદ કરે છે. તે એક વર્ષથી વધુના બાળક સહિત બધા જ સેવન કરી શકે છે. અમને આશા છે કે ગ્રાહકોએ રોજના આહારનો તેને હિસ્સો બનાવવા જોઈએ, જેથી તેમને ખાદ્યમાંથી મહત્તમ પોષણ મળી શકે છે.

આંતરડાના આરોગ્યના મહત્વને આલેખિત કરતાં યાકુલ્ટ ડેનોન ઈન્ડિયા પ્રા.લિ.ના સાયન્સ અને રેગ્યુલેટરી અફેર્સનાં હેડ ડૉ. નીરજા હજેલાએ જણાવ્યુ હતુ કે આંતરડું સૌથી વધુ અવગણનાં કરાતાં અવયવમાંથી એક છે.

સરકાર મક્કમ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મૂલ્યાંકન કરવામાં આવે તો તેનો પાયો જ મજબુત કરવા પર ભાર મુકી શકાય જેથી બાળક નબળુ ના રહે. આ ત્રિમાસીક મૂલ્યાંકનને કારણે બાળકમાં આગળના અભ્યાસ માટે રહેલો પરીક્ષાનો ભય પણ દૂર થશે તેમજ ગુણવત્તાસભર શિક્ષણની દિશામાં ધાર્યા પરિણામ મળી શકશે તેવો સ્પષ્ટ અભિપ્રાય મળતાં શિક્ષણ વિભાગે આગળ વધવાનો નિર્ણય લઈ લીધો હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ સ્વીકાર્યું છે.

કડક પ્રતિબંધ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવા પર પણ વિચાર કરી રહ્યા છે. જણાવી દઈએ કે, ઈરાનને આ અઠવાડિયામાં અમેરિકાનું એક જાસૂસી ડ્રોન તોડી પાડ્યું હતું.

આતંકી ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ આ ઓપરેશન હાથ ધરાયુ હતું. માહિતી મુજબ, સેનાનુ આતંકવાદી સામેનુ ઓપરેશન ખતમ થઈ ગયુ છે. એનકાઉન્ટરના સમયે શરૂઆતમાં બે ચરમપંથીને ઠાર મરાયા હતા. પણ બાદમાં સર્ચ ઓપરેશનમાં અન્ય બે આતંકવાદીઓને ઠાર મરાયા હતા. અથડામણવાળી જગ્યાએથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો પણ જપ્ત કરાયો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, સેનાને સુચના મળ્યા બાદ શોપિયનમાં ઘેરાબંદી શરૂ કરી દીધી હતી. સર્ચ ઓપરેશન સમયે આતંકવાદીઓએ સેના પર ગોળીબાર કર્યો હતો. જેના જવાબમાં એન્કાઉન્ટર કરતા સેનાએ પણ ગોળીઓ ચલાવી અને ચાર આતંકીઓને ઠાર મારી દીધા હતા. સુત્રોના જણાવ્યા પ્રમાણે સેનાએ કીગમ વિસ્તારમાં આતંકીઓનાં ઠેકાણેને ઉડાવી દીધો છે. જો કે આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. જણાવી દઈએ કે, આ પહેલા બારામુલા વિસ્તારમાં શનિવારે સેના સાથેની અથડામમમાં જૈશ-એ- મોહમ્મદનો એક આતંકવાદી ઠાર મરાયો હતો.

ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે પણ વિચાર કરવો પડે એમ છે. પૃથ્વી અને પર્યાવરણને બચાવવા માટે રસોઈ કામમાં જલાઉ લાકડાને તિલાંજલિ આપવાના પ્રયાસો હાથ ધરવા જોઈએ. સરકારની વિવિધ એજન્સીઓએ પણ આ દિશામાં કાર્યરત થવું જોઈએ છે કારણકે વસ્તી ગણતરી અહેવાલની વિગતો મુજબ ગાંધીનગરના ગ્રામીણ ઘરોના ત્રીજા ભાગ (૨૮%) સુધી જ રાંધણગેસની સગવડ છે. ભૌતિક સુખ-સુવિધાની દોડમાં કુદરતી સંપદાઓનો સોથ નીકળી જાય એ બરાબર નથી, માટે આપણે પર્યાવરણ અને પૃથ્વીનો વિચારજો સમગ્રતાથી કરીએ પરિણામ મળશે એ તો નિશ્ચિત જ છે. વૃક્ષ તો રસ્તા માટે ય નહીં કે રસોઈ માટે ય નહીં કપાવુ જોઈએ.

ધરાશાયી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બનેલી આ ઘટના અંગે મુખ્યમંત્રી અશોક ગહેલોત, કેન્દ્રિય મંત્રી કૈલાશ ચોધરીએ દુખ વ્યક્ત કર્યુ છે. ઘાયલ થયેલા લોકો સંદર્ભમાં વિવિધ પ્રકારની માહિતી આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ઘટના અંગે દુખ વ્યક્ત કર્યુ છે. ઘાયલ થયેલા લોકો વહેલી તકે સ્વસ્થ થાય તેવી પ્રાર્થના મોદીએ કરી છે. આ ઘટના બાદ વહીવટી તંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યુ છે. તબીબોની રજા રદ્દ કરી દેવામાં આવી છે. વરસાદ દરમિયાન મંડપમાં અફરાતફરીનો માહોલ રહ્યો હતો. એક અન્ય ટ્વીટમાં અધિકારીઓ કહ્યુ છે કે, ઈજાગ્રસ્તોને નાહતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એમ માનવામાં આવે છે કે, પ્રચંડ તોફાનના કારણે લોકોને બિલકુલ તક મળી ન હતી અને મંડપ ધરાશાયી થઈ ગયો હતો. બચાવ અને રાહત ટુકડી ઘટના સ્થળે પહોંચી હતી. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુન્ધરા રાજે દ્વારા ટ્વિટ કરીને બનાવ અંગે દુખ વ્યક્ત કરવામાં આવ્યુ છે. તેમણે કહ્યુ છે કે, રામ કથા દરમિયાન બનેલી ઘટનાના સમાચાર સાંભળીને ખુબ દુખ થયુ છે.

અગ્રતા આપો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્રણ માસમાં પૂર્ણ થવા જોઈએ. તેમણે જે ધીમી ગતિએ પ્રગતિમાં છે તે ઝડપથી પૂર્ણ કરવામાં આવે. જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને પણ વેગીલુ બનાવવા માટે તેમણે અલાયદો રોડમેપ તૈયાર કરવા તંત્રને સૂચવ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં રોજગાર કૌશલ્ય કેન્દ્રોમાં અપાતી તાલિમનો લાભ વધુમાં વધુ લોકોને મળે તે માટે સખી મંડળોની ભૂમિકા વધુ સક્રિય બનાવવા માટે પણ તંત્રને સૂચવ્યુ હતુ. તેમણે સખી મંડળોની પ્રવૃત્તિઓનો વ્યાપ કેવી રીતે વધી શકે તે દિશામાં પણ વિચારણા કરવા પર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના જે કામો સ્પીલ ઓવર થયા છે તે સત્વરે પુરા કરવામાં આવે તેમજ નવા નાણાંકીય વર્ષનો જે લક્ષ્યાંક છે તે માટે લાભાર્થીઓના રજીસ્ટ્રેશન સાથે જીઓટેકની કામગીરી ઝડપી બને તેના પર પણ ભાર મુક્યો હતો.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

ડર કે લાલચ વિના પોતાનો મત વ્યક્ત કરવા દેવાની તમારી ફરજ બને છે. જો કે કેટલાક પ્રાંતોમાં સેવારત અધિકારીઓને દબાવીને કહેવામાં આવે છેઃ 'નહીં, તમે સેવકો છો અને તમારે અમારા આદેશોનું પાલન કરવાનું છે.' અખિલ ભારતીય સેવાના અધિકારીઓને મત વ્યક્ત કરવાનું સ્વાતંત્ર્ય નહી હોય, સલામતીની ભાવના નહીં હોય અને સંસદીય વિશેષાધિકારો નહીં હોય, સંસદ વિશે ગર્વ નહીં હોય તો આ સંઘ (યુનિયન) ટકશે નહીં, સંયુક્ત ભારત પણ નહીં રહે. આ વાતનો સ્વીકાર ન કરી શકો તો આ બંધારણનું અનુપાલન કરશો નહીં. એના વિકલ્પે અન્યને શોધી લેજો. કૉંગ્રેસનું બંધારણ કે એવું બીજું બંધારણ કે આરએસએસનું બંધારણ તમને જે ગમે તે સ્વીકારજો, પણ આપણું આ બંધારણ તો નહીં જ.'' સરદાર પટેલે બંધારણની સર્વસત્તાધીશ ભૂમિકા સ્વીકારવાની સાથે જ બ્યૂરોક્રસીને દેશહિતની કસ્ટોડિયન ગણવાનું પસંદ કર્યું હતું. જો કે તેમાંનાં કાળાં મેંઢાંને બચાવવાના તેઓ પક્ષધર નહોતા, પણ ભ્રષ્ટાચારમુક્ત કાર્યક્ષમ વહીવટ માટે સરદારને અખિલ ભારતીય સેવાના અધિકારીઓ ચોક્કસપણે વિશ્વસનીય જણાયા હતા. હમણાં કેન્દ્ર સરકારે કેટલાક ભ્રષ્ટ અધિકારીઓને રુખસદ આપવાનો નિર્ણય કર્યો ત્યારે એને સનદી સેવકોએ પણ આવકાર્યો હતો. જોકે રાજકીય સત્તાધીશોને પ્રતિકૂળ લાગતા અધિકારીઓની કનડગત કરાય તો અન્ય કાર્યક્ષમ અને નિયમનું પાલન કરનારા અધિકારીઓનું મનોબળ જરૂર તૂટે છે.

સનદીસેવામાં સીધી નિયુક્તિઓ

ભારત સરકારે હમણાં લોકસભાની ચૂંટણીના માહોલ વચ્ચે જ વિવિધ વિભાગોમાં ટોચના સ્થાને નવો અખતરો કરતાં સંઘ લોક સેવા આયોગ (યુપીએસસી)ની આઈએએસની લાંબી પસંદગી પ્રક્રિયાને બાજુએ સારીને ખાનગી ક્ષેત્રના કે વિવિધ વિષયના નિષ્ણાત એવા નવ સંયુક્ત સચિવોને સીધા જ નિયુક્ત કર્યા. અગાઉ આયુષ મંત્રાલયના સચિવ તરીકે વૈદ્ય રાજેશ કોટેચાની પણ સીધી જ નિમણૂક કરાઈ હતી. છેલ્લે યુપીએસસી મારફત ''લૅટરલ ઍન્ટ્રી'' થકી ઘણી છૂટછાટો સાથે હાથ ધરાયેલી પસંદગી પ્રક્રિયાને અંતે નવ સંયુક્ત સચિવો કાકોલી ઘોષ (કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ), અંબર દુબે (નાગરી ઉડ્ડયન), અરુણ ગોયલ (વાણિજ્ય), રાજીવ સક્સેના (આર્થિક બાબતો), સુજિત કુમાર બાજપાઈ (પર્યાવરણ,વન અને હવામાન પરિવર્તન), સૌરભ મિશ્ર (વિત્તીય સેવાઓ), દિનેશ જગદાળે (નવી અને નવીનીકરણીય ઊર્જા), સુમન પ્રસાદ સિંહ (માર્ગ પરિવહન અને મહામાર્ગ) તથા ભૂષણ કુમાર (વહાણવટા મંત્રાલય)ની ૧૨ એપ્રિલ ૨૦૧૯ના રોજ કરાર આધારિત સીધી નિયુક્તિ કરાઈ હતી. કુલ દસ હોદ્દાઓ માટે પ્રત્યેક મંત્રાલયમાં એક એક સંયુક્ત સચિવની નિયુક્તિ માટેની જાહેરાત આપવામાં આવી એટલે તેમાં કોઈ અનામત (રિઝર્વેશન) લાગુ નથી, એવી સ્પષ્ટતા કેન્દ્ર સરકારે કરી છે. મહેસૂલ મંત્રાલયના સંયુક્ત સચિવ માટે જાહેરાત અપાઈ હતી,પણ એ હોદ્દે કોઈની પસંદગી કરાઈ નહીં હોવાનું સંબંધિત પરિણામની સત્તાવાર નોંધમાં દર્શાવાયું છે.

અનામત પ્રથા અસંગત

''લૅટરલ ઍન્ટ્રી'' શ્રેણીમાં વધુ ૪૦૦ ટોચના અધિકારીઓને નિયુક્ત કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે. આમપણ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી માટે અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી જેવું મૉડેલ અપનાવવાની દિશામાં આગળ વધી રહ્યાની ચર્ચા છે ત્યારે બ્યૂરોક્રસીની નિયુક્તિમાં તો અમેરિકી મૉડેલ અપનાવી રહ્યાની છાપ ઉપસ્યા વિના રહેતી નથી. ભારતીય રાષ્ટ્રપતિ કેન્દ્રના પ્રધાનમંડળની સલાહ પ્રમાણે વર્તવા બંધાયેલા છે, જયારે અમેરિકામાં રાષ્ટ્રપતિ સર્વસત્તાધીશ હોઈને પોતાને અનુકૂળ બ્યૂરોક્રસી પોતાના સમયગાળામાં લાવી શકે છે. ભાજપના જ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. સુબ્રમણિયન સ્વામીએ નજીકના ભૂતકાળમાં જ કહ્યું હતું તેમ આ રીતે કરાતી નિયુક્તિઓ થકી મોદી સરકાર એની બીજી મુદતમાં વગર જાહેરાતે જ્ઞાતિ આધારિત અનામત પ્રથાને અસંગત બનાવી દેશે. જે નવ સંયુક્ત સચિવોની લૅટરલ ઍન્ટ્રીથી નિયુક્તિ કરાઈ છે, તેમાં સંભવતઃ એકેય દલિત, આદિવાસી કે ઓબીસી શ્રેણીમાંથી નથી! આ મુદ્દે ઉહાપોહ શરૂ તો થયો છે પણ સંબંધિતોની વાતને સત્તારૂઢ મહાનુભાવો કેટલા કાન દેશે એ કહેવું મુશ્કેલ છે. સરદાર પટેલની શીખથી વિપરીત એમને પોતાને અનુકૂળ ના હોય એ મત સાંભળવાનું ઝાઝું ફાવતું નથી.

કહ્યાગરી નોકરશાહી અભિપ્રેત

ભારતના બંધારણના ઘડવૈયાઓએ કાયમી બ્યૂરોક્રસી અને વેસ્ટમિન્સ્ટર શાસન પદ્ધતિ અમલમાં લાવવાનું યોગ્ય લેખ્યું હતું. અંગ્રેજો ભારતમાંથી ઉચ